# મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશનની જાહેરાત

## બાગાયતી-ઔષધિય પાક ઉત્પાદનમાં વધારો થશે : ૩૦ વર્ષની મુદત માટે પડતર જમીનો બાગાયતી-ઔષધિય પાકની ખેતી માટે લીઝ પર અપાશે : ૫ વર્ષ માટે ભાડુ નહીં

ગાંધીનગર, તા. ૧૯

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યની ખેડવાણ જમીનમાં વધારો કરવાનો ઐતિહાસિક નિર્ણય કરીને કૃષિ અને બાગાયત ક્ષેત્રના સર્વગ્રાહી વિકાસથી બાગાયતી તેમજ ઔષધિય પાકોની ખેતીનો વ્યાપ વધારવાના નક્કર પરિણામલક્ષી આયોજન સાથે એક મહત્વપૂર્ણ કદમ રૂપે 'મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન'ની જાહેરાત કરી છે.

રાજ્યના વિવિધ જિલ્લામાં આવેલી ખેડવાણની સરકારી પડતર જમીનોને લાંબાગાળાના લીઝ પર ફાળવી તેને ઉપજાઉ બનાવીને બાગાયતી અને ઔષધિય પાકોની ખેતીથી વધુ આવક મેળવવાનો અને આવા પાક ઉત્પાદનના વેલ્યુએડીશનથી એકસપોર્ટ-નિકાસનું પ્રમાણ વધારવા તથા રોજગારના નવા અવસરો સર્જવાનો આ 'મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન'નો મુખ્ય ઉદેશ્ય છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ મિશનની જાહેરાત કરતાં વધુમાં જણાવ્યું કે, રાજ્યમાં સુકા અને અર્ધસુકા તેમજ દરિયાકાંઠાના ખારાશવાળા વિસ્તારોને કારણે કૃષિ વિકાસ પડકાર રૂપ છે.

આમ છતાં આફતને અવસરમાં પલટાવવાની આગવી ક્ષમતા સાથે સરકારે કૃષિ મહોત્સવ, સોઈલ હેલ્ડકાર્ડ, જળસંચય અભિયાન, ડ્રીપઈરીગેશન, સાત પગલાં ખેડૂત કલ્યાણના, કિસાન સૂર્યોદય યોજના મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના જેવા આયામોથી ગુજરાતને કૃષિ વિકાસ દરમાં દેશભરમાં અગ્રેસર રાખ્યું છે.

તેમણે જણાવ્યું કે, રાજ્યની ૧૯૬ લાખ હેકટર જમીન પૈકીની ૫૦ ટકા એટલે કે ૯૮ લાખ હેકટર જમીન ખેતી હેઠળ આવેલ છે તેમજ પડતર અને બિન ઉપજાઉ જમીનોમાં બાગાયતી અને ઔષધિય પાકોના વાવેતરની વિપૂલ સંભાવનાઓ છે. ગુજરાતમાં ૨૦૧૯-૨૦ના વર્ષમાં ૪.૪૬ લાખ હેકટરમાં ફળ પાક વાવેતર અને ૯૨.૬૧ લાખ મેટ્રિક ટન ઉત્પાદન સાથે દેશના ફળ-શાકભાજીના કુલ ઉત્પાદનમાં ૯.૨૦ ટકા જેટલું મહત્વનું પ્રદાન કરેલું છે. મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, ગુજરાતમાં કુલ પાકોના વાવેતરમાં ઉત્તરોત્તર અંદાજે ૨૦ હજાર હેકટર જેટલો વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત અને કચ્છના વિસ્તારો દાડમ, જામફળ, ખારેક, પપૈયા જેવા પાકના હબ તરીકે ઉભરી આવ્યા છે. રાજ્ય સરકારની કૃષિ ટેકનોલોજીને પ્રોત્સાહન, સિંચાઈ સુવિધા અને ખેડૂત હિતકારી નીતિઓના પરિણામે સૂકા, અર્ધસુકા કે ખારાશ ધરાવતા વિસ્તારો પણ કૃષિ ઉત્પાદનની હરિયાળીથી લહેરાતા થયા છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ખાસ કરીને રાજ્યના કચ્છ, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા અને સુરેન્દ્રનગર જેવા જિલ્લાઓમાં પિયત પાણી આપવાની યોજનાની સફળતાને પરિણામે આ વિસ્તારોની બિન ઉપજાઉ જમીનોને પણ આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી ફળ-ઝાડની વાડીમાં પરિવર્તીત કરવામાં આવી છે તેનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. હવે રાજ્ય સરકારે આ જિલ્લાઓમાં આવેલી બિન ઉપજાઉ ઉજ્જડ-બંજર પડતર સરકારી જમીનોમાં પણ અદ્યતન ટેકનોલોજીના સમન્વયથી બાગાયતી ઔષધિય પાક સમૃદ્ધિ દ્વારા નવઘડતર અને ખેડૂતોની આવક બમણી કરવા, રોજગારસર્જન વધારવા આ મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશનની પહેલ કરી છે.

## કિમ નજીક ફૂટપાથ પર ઊંઘતા શ્રમિકો પર ડમ્પર ફરી વળતાં હાઇ-વે મરણચીસોથી ગાજી ઉઠ્યો

# સુરતમાં ડમ્પરે ૧૫ શ્રમિકોને કચડી માર્યા

સુરત,તા.૧૯

સુરતમાં મંગળવારે કાળમુખા ડમ્પરે રાજસ્થાનથી છૂટક મજૂરી કરી આજીવિકા રળવા આવેલા અને ફૂટપર પર ઊંઘી રહેલા કેટલાય



લોકોને કચડી નાખી કાળનો કોળિયો બનાવી લેતા ભયાવહ કરૂણાંતિકા સર્જાઈ હતી. પોલીસના જણાવ્યા મુજબ કિમથી માંડવ તરફ જઈ રહેલા એક બેકાબુ ડમ્પર રસ્તાની બાજુમાં ઊંઘી રહેલા કેટલાક લોકો પર ફરી વળ્યું હતું જેને પગલે ૧૫ જેટલા લોકોના મોત થયા છે. આ ઘટનાને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને ડમ્પર ચાલક તેમજ ક્લિનરની ધરપકડ પણ કરવામાં આવી છે.

સુરતની નજીક કોસંબા ગામ પાસે ડમ્પર માતેલા સાંઢની જેમ રસ્તા પર ઊંઘી રહેલા શ્રમજીવીઓ પર ફરી વળ્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ બાંધકામ ક્ષેત્રમાં છૂટક મજૂરી કરતા કેટલાક શ્રમજીવીઓ કિમ-માંડવી રોડ પર રસ્તાની ફૂટપાટ પર રહેતા હતા. રાત્રે ૧૨ વાગ્યા આસપાસ ભર ઊંઘમાં રહેલા મજૂરો પર ડમ્પર કાળ બનીને ફરી વળ્યું હતું જેમાં ૧૨ જેટલા લોકોએ ઘટનાસ્થળે જ અંતિમ શ્વાસ લીધા હતા અને ત્રણ જેટલા લોકોના હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયા હતા. આ દુર્ઘટનામાં કેટલાક લોકો ઘાયલ થયા છે જેમને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. બેકાબૂ બનેલા ડમ્પરે ચારથી પાંચ દુકાનોના શેડ પણ તોડી નાખ્યાં હતા. ટ્રેક્ટરને ટક્કર માર્યા બાદ ફૂટપાથ પર સૂતેલા શ્રમિકોને



કચડ્યા બાદ ડમ્પર ચાલકે ફૂટપાથ કૂદાવી પાછળની તરફ આવેલી દુકાનો સાથે ભટકાવી દીધું હતું. જેને પગલે પાંચેક જેટલી દુકાનોના શેડ તૂટી ગયા હતા. અકસ્માત બાદ ડ્રાઈવર અને કંડક્ટર બોલવાની કે ચાલવાની પણ હાલતમાં ન હતા, જેને પગલે ડ્રાઈવર-કંડક્ટર દારૂ અને ગાંજાના નશામાં હોવાની પોલીસને આશંકા છે. બંનેને સારવાર અને રિપોર્ટ માટે હોસ્પિટલ ખસેડ્યા છે અને રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

રાજ્ય સરકારે આ ગોઝારી દુર્ઘટના બદલ ખેદ વ્યક્ત કર્યું હતું. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મૃતકોના પરિવારને સાંત્વના પાઠવી હતી તેમજ રાજ્ય સરકાર તરફથી મૃતકોના પરિવારજનો માટે રૂ. ૨-૨ લાખની સહાયની જાહેરાત કરી હતી.

આ ભયાવહ ઘટનાની સમગ્ર હકીકત એવી છે કે સુરતથી ૬૦ કિ.મી. દૂર આવેલા કોસંબા ગામ પાસે મંગળવારે ૧૨ વાગ્યા આસપાસ એક ડમ્પર માંડવથી કિમ તરફ જઈ રહ્યું હતું. ડમ્પરે પહેલા શેરડીથી ભરેલા ટ્રેક્ટરને ટક્કર મારી હતી અને બાદમાં ડમ્પરચાલકે કાબૂ ગુમાવતા તે રસ્તાની બાજુમાં ચઢી ગયું હતું. સુરતના પોલીસ સુપરીટેન્ડેન્ટ ઉષા રાડાએ જણાવ્યું હતું કે ડમ્પર નીચે કચડાઈ જવાથી મજૂરોના મોત થયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ મૃતકોના પરિવારજનોને રૂ. ૨-૨ લાખની એક્સ ગ્રેશિયા સહાયની જાહેરાત કરી છે. ઘાયલોને રૂ. ૫૦,૦૦૦ની મદદ કરવામાં આવશે. વડાપ્રધાન મોદીના કાર્યાલયે ટ્વીટને કરીને જણાવ્યું હતું કે, સુરત નજીક બનેલી આ કરૂણાંતરિકા ભયાવહ છે.

# જિલ્લાના આઠ ગામોમાં ૨.૪૫ કરોડના ખર્ચે પાણીની ટાંકી અને અન્ય કામોને મંજૂરી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક આજરોજ જિલ્લા કલેકટર ડાં. કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. જેમાં ગાંધીનગર જિલ્લાના ૮ ગામોમાં રૂપિયા ૨ કરોડ ૪૫ લાખથી વધુ રકમ વિવિધ વિકાસ કામોને મંજુરી આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં રૂપિયા ૨ કરોડ ૪૫ લાખના ખર્ચે ગાંધીનગર તાલુકાના બે, કલોલ તાલુકાના ચાર અને માણસા તાલુકાના બે ગામ મળી કુલ આઠ ગામોમાં વિવિધ વિકાસ કામો કરવામાં આવશે. જેમાં ગાંધીનગર તાલુકાના મોટી આદરજ ગામે રૂપિયા ૪૩ લાખ ૫૧ હજારથી વધુની કિંમતની એક લાખ લિટરની ક્ષમતાની ૧૨ મીટર ઉંચી ટાંકી, ૧.૫૦ લાખ અને ૨.૫૦ લિટર ક્ષમતાનો ભૂગર્ભ સંપ અને ડિસ્ટ્રીબ્યુશન પાઈપાલઈન અને અન્ય કામો કરવામાં આવશે. વાકાનેરડા ગામમાં ૦.૫૦ લાખ લિટરની ક્ષમતાવાળી ૧૨ મીટર ઉંચી ટાંકી અને તેને સંલગ્ન અન્ય કામો રૂપિયા ૨૫ લાખ ૫૪ હજારથી વધુની કિંમતે કરવામાં આવશે.

માણસા તાલુકામાં ચરાડા ગામમાં રૂપિયા ૨૪ લાખ ૭૬ હજારથી વધુના ખર્ચે ડિસ્ટ્રીબ્યુશન પાઈપલાઈન, જોબકનેકશન, હાઉસ હોલ્ડ કનેકશન અને અન્ય રીપેરીંગ જેવા અન્ય કામો કરવામાં આવશે. તેમજ વિહાર ગામ ખાતે ડિસ્ટ્રીબ્યુશન પાઈપલાઈન, પારદર્શક બોર્ડ અને ભીંત સૂત્રો જેવા રૂપિયા ૫ લાખ ૪૯ હજારથી વધુના વિકાસ કામો કરવામાં આવશે.

કલોલ તાલુકામાં બાલવા ગામ ખાતે ૧ લાખ લિટર ક્ષમતાનો ભૂર્ગર્ભ સંપ, ડિસ્ટ્રીબ્યુશન પાઈપલાઈન, રાઈજીંગ મેઈન નર્મદા કનેકટીવીટી, પપીંગ મશીનરી અને અન્ય સંલગ્ન કામો રૂપિયા ૪૦ લાખ ૯૬ હજારના ખર્ચે બનાવવામાં આવશે. તે ઉપરાંત હાજીપુર ગામ ખાતે રૂપિયા ૧૬ લાખ ૩૮ હજારના ખર્ચે ૦.૫૦ લાખ લિટરની ક્ષમતાની ૧૨ મીટર ઉંચી પાણીની ટાંકી, ડિસ્ટ્રબ્યુશન પાઈપલાઈન અને અન્ય સંલગ્ન કામો તથા છત્રાલ ગામ ખાતે ૧.૦૦ લિટર પાણીની ક્ષમતાવાળી બે પાણીની ટાંકી અને અન્ય સંલગ્ન કામો રૂપિયા ૪૪ લાખ ૫૬ હજારના ખર્ચે નિર્માણ કરવામાં આવશે. તેમજ સઈજ ગામ ખાતે ૧ લાખ લિટરની ક્ષમતાવાળી બે પાણીની ટાંકી, ૧ લાખ લિટરની ક્ષમતાનો ભૂર્ગભ સંપ અને જોબ કનેકશનના કામો રૂપિયા ૪૪ લાખ ૬૩ હજારના ખર્ચે નિર્માણ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં એન.આર.ડી.ડબલ્યુ.પી. હેઠળ ગાંધીનગર જિલ્લામાં તા.૧૮મી જાન્યુઆરી, ૨૦૨૧ અંતિત જુદી જુદી ગ્રામ સમિતિઓની કુલ ૩૬૫ યોજનાઓને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ દ્વારા વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. જે પૈકી હાલમાં ૮ યોજનાઓના કામો પ્રગતિ હેઠળ છે. જયારે ૩૫૭ યોજનાઓના કામો પૂર્ણ થયેલ છે.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા, ગાંધીનગર પ્રાંત અધિકારી જે.એમ. ભોરણિયા, જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિના યુનિટ મેનેજર કેતન વી. ચૌધરી અને ડિ.કો.ઓર્ડિનેટર અપેક્ષા પટેલ સહિત સંબંધિત કચેરીના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

## છેલ્લે... છેલ્લે...

- ગુજરાતમાં શિયાળુ પાકોનું વિક્રમ વાવેતર. ૪૬ હજાર હેકટર વિસ્તારમાં વાવેતર.
- ડોમેસ્ટિક ફલાઈટમાં હવે નોનવેજ નહીં પીરસાય.
- પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં તાલુકા કક્ષાએ ૨૫૦, જિલ્લા કક્ષાએ ૪૦૦ અને રાજય કક્ષાએ ૧૦૦૦ નાગરિકો હાજર રહી શકશે.
- વલસાડ કોંગ્રેસ કાર્યાલય પર પોલીસ અને નેતાઓ વચ્ચે તુ તુ...મે મે....
- ભારત બાંગ્લાદેશને કોવીશીલ્ડના ૨૦ લાખ ડોઝ ગીફ્ટ આપશે.
- સંસદ સત્રના આરંભે દરેક સાંસદોએ કોવીડ ટેસ્ટના નેગેટીવ રીપોર્ટ સાથે હાજર થવાનું રહેશે.
- સુરતના કીમમાં ડમ્પર નીચે કચડાયેલા ૧૬ શ્રમિકોના પરિવારને પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી અને રાજસ્થાનના મુખ્યમંત્રી તરફથી બે-બે લાખની સહાય જાહેર કરાઈ.

## પાલનપુર હિન્દુ સમાજના સ્મશાનમાં ઈલેક્ટ્રીક સગડી મુકાઈ

પાલનપુર હિન્દુ સમાજ સંચાલિત સ્મશાન ગૃહ ખાતે ઈલેક્ટ્રીક સગડી મુકવામાં આવી છે. જેથી હવે સહેલાઈથી મૃતદેહનો અંતિમ સંસ્કાર કરી શકાશે. બનાસકાંઠાના પાલનપુર શહેરના માનસરોવર રોડ પર હિન્દુ સમાજ સંચાલિત સ્મશાન ગૃહ આવેલુ છે. જેમાં શહેરમાંથી કોઈ વ્યક્તિનું અવસાન થયુ હોય તો લાકડા ગોઠવી તેને અગ્નિદાહ આપી અંતિમ સંસ્કાર કરવામાં આવતા હતા. તેમજ કેટલીક વખત ચોમાસાની સિઝનમાં લાકડા પલડી ગયા હોય તો લોકોને મૃતદેહનો અંતિમ સંસ્કાર કરવામાં મુશ્કેલી પડતી હતી. જેથી આગામી દિવસોમાં લોકોને પરીવારના સ્વજનના અંતિમ સંસ્કાર કરવામાં મુશ્કેલી અનુભવવી નહી પડે અને ઓછા લાકડામાં ઝડપથી મૃતદેહ નો અંતિમ સંસ્કાર કરી શકાશે.

## અરવલ્લી જિલ્લાકક્ષાનો પ્રજાસત્તાક પર્વ મોડાસા ખાતે યોજાશે

૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ઉજવણીના સુચારૂ આયોજન અંગે જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરની અધ્યક્ષતા અને જિલ્લા વિકાસ અધિકારી ડો. અનિલ ધામેલિયાની ઉપસ્થિતિમાં કલેકટર કચેરી સભાખંડમાં ખાતે બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં સ્ટેજ, પરેડ, આમંત્રણ પત્રિકા, સાંસ્કૃતિક કાર્યક્રમ, વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન, આરોગ્ય, પાણી અને લાઈટ, સફાઇ અંગેની કામગીરી જુદા-જુદા વિભાગોને કામગીરી સોંપવામાં આવી હતી. ધ્વજવંદન કાર્યક્રમમાં જિલ્લા તેમજ તાલુકાકક્ષાએ પણ કર્મચારીઓ ધ્વજવંદનમાં ઉપસ્થિત રહેવાની સૂચના આપવામાં આવી હતી. આ બેઠકમાં પ્રાંત અધિકારી મંયક પટેલ, મામલતદાર ગઢવી, જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય પર્વની ઉજવણી કોરોના ગાઇડલાઇન મુજબ થાય તેવી સુચારૂ વ્યવસ્થા ગોઠવવાની સૂચના આપવામાં આવી હતી.

### ઐતિહાસિક વિજય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતીય ટીમની ઐતિહાસિક જીત પર વિરાટ કોહલીએ પણ ટ્વીટ કર્યું હતું. કોહલીએ ટ્વીટમાં લખ્યું- શું જીત છે! હા. જે લોકો એડિલેડ બાદ અમારા પર શંકા કરી રહ્યા હતા, ઊભા થઈને જુઓ. અનુકરણીય પ્રદર્શન પરંતુ કઠોરતા અને દ્રઢ નિશ્ચય તમામ રીતે અમારા માટે અદભૂત હતા. મેનેજમેન્ટ અને બોય્ઝ ખૂબ જ સરસ. આ ઐતિહાસિક જીતને ઉજવો.

### બસ સેવા મળતી નથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંતે હવે મુસાફરોની સંખ્યા વધી છે. માર્ગો પર દોડતી સલામત સવારીમાં ટ્રાફિક પણ જોવા મળી રહ્યો છે. સલામત સવારીમાં બેસવા માટે હવે મુસાફરો રાજીપો વ્યકત કરી રહ્યા છે. અલબત્ત અગાઉ કોરોનાના કહેર વચ્ચે મુસાફરો એસ ટી માં બેસવાનુ ટાળતા હતા પરંતુ સમય જતા હવે એસ ટી બસનો ઉપયોગ વિશેષ કરી રહ્યા છે. ત્યારે સાંજના સમયે અમદાવાદ રૂટ પર બસ ન મળતી હોવાનો રોષ પણ અગાઉ મુસાફરોએ વ્યકત કર્યો હતો. જયારે ગાંધીનગર જિલ્લાના કેટલાક ગામોમાં હજુ પણ બસ સેવા મળતી નથી. જેના લીધે મુસાફરોએ ખાનગી વાહનમાં જ મુસાફરી કરવી પડે છે. ગાંધીનગરમાં નદી કાંઠાના ગામોમાં બસ જતી જ ન હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. નદી કાંઠાના આલમપુર, મોટી સિહોલી , માધવગઢ, સાદરા, દશેલા, દોલારાણા વાસણા, લેકાવાડા, ધર્મપુર બોરીયા સહીતના ગામોમાં છેલ્લા બે વર્ષથી એસ ટી બસ બંધ છે જેના લીધે આ વિસ્તારમાંથી અપડાઉ કરતા મુસાફરોને ખાનગી વાહનોમાં અવરજવર કરવી પડે છે. ગાંધીનગર કે દહેગામ રૂટની કોઈ બસ આ ગામોમાં સ્ટોપ થતી નથી. જેના લીધે આ વિસ્તારમાંથી અન્ય ઠેકાણે અપડાઉન કર્તા વિદ્યાર્થીઓએ પણ પરેશાની ભોગવવી પડે છે. ગ્રામજનો પણ ગાંધીનગર સહીત આસપાસના વિસ્તારમાં જવા માટે તકલીફ વેઠવી પડે છે. સલામત સવારી આ ગ્રામજનોને નસીબ થાય તેવુ આયોજન કરવા માટે પણ માંગ ઉઠવા પામી છે.

### યોજના અન્વયે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે અમદાવાદ જિલ્લાની ધોળકા નગરપાલિકાને પણ સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના તહેત ૧ કરોડ ૧૧ લાખ રૂપિયા આ યોજના અન્વયે ખાનગી સોસાયટી જનભાગીદારી ઘટકમાં સી.સી.રોડ, પીવાના પાણીની લાઈન તેમજ સ્ટ્રોમ વોટર ડ્રેઈન, વટર લાઈન જેવા ૧૦ કામો માટે ફાળવવામાં આવ્યા છે. ધોળકા નગરના સાડા છસો પરિવારોને આ વિકાસકામોનો લાભ પ્રાપ્ત થશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સમગ્ર ગુજરાતના શહેરો-નગરોને પ્રાણવાન તેમજ આધુનિક સુવિધા સાથે માળખાકીય પાયાની સવલતોથી સજ્જ કરવા સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી છેલ્લા ચાર વર્ષમાં એટલે કે ૨૦૧૬-૧૭થી ડિસેમ્બર-૨૦૨૦ સુધીમાં રૂ. ૧૫,૭૮૩.૭૩ કરોડ ફાળવેલા છે.

### ૧૪ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોરોનાના પાંચ કેસ મળતાં તંત્રએ હાશકારો અનુભવ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા પાંચ કેસમાંથી એક દર્દીને એસ.ટી.સી.ના કોવિડ કેર સેન્ટરમાં મોકલવામાં આવેલ છે જ્યારે એક દર્દીને ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. શહેરમાં આજે સે. ૫, ૨૬, ૨૯, ૭ અને પાલજ ગામેથી કેસો મળી આવેલ છે. આજે શહેરમાં પણ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.


**ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ**
બીજ ભવન, સેક્ટર નં. ૧૦/એ,
ગાંધીનગર - ૩૮૨૦૧૦
ફોન નંબર : ૨૩૨૫૬૭૧૬, ૨૩૨૫૬૬૯૨

**બીન ઉપયોગી ચીજ વસ્તુઓના નિકાલ કરવા બાબત**

ગુજરાત રાજ્ય બીન નિગમ લિ., ગાંધીનગરને વડી કચેરી ખાતે બીન ઉપયોગી વસ્તુઓ જે હાલતમાં છે તે ફક્ત ટેન્ડર પદ્ધતિથી જાહેર હરાજીથી વેચાણ કરવાની થાય છે. આ બની ઉપયોગી ચીજ-વસ્તુઓ રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન વડી કચેરી ખાતે રૂબરૂમાં જોવા મળશે. વેચાણ અંગેની ટેન્ડરની શરતો તથા ટેન્ડર ફોર્મ નિગમની વડી કચેરી સેક્ટર નં. ૧૦/અ, ગાંધીનગર ખાતે રૂ. ૧૦૦/- ટેન્ડર ફોર્મ ફી (નોન રીફંડેબલ) ભરી તા. ૬/૨/૨૦૨૧ સુધીમાં જાહેર રજાના દિવસો સિવાય સમય સવારે ૧૧.૦૦ થી સાંજે ૧૬.૦૦ કલાક સુધીમાં રૂબરૂ મેળવી લેવાના રહેશે. ભરેલ ટેન્ડરના સીલબંધ કવર મોકલી આપવાની છેલ્લી તા. ૯/૨/૨૦૨૧ સાંજે ૧૬.૦૦ કલાક સુધીની રહેશે.

સહી/-
(પી. એસ. રબારી)
મેનેજીંગ ડીરેક્ટર



**ઓનલાઈન ટેન્ડર જાહેર નિવિદા નં. ૧૦ સને (૨૦૨૦-૨૧)**

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન વિભાગ, જિલ્લા પંચાયત બનાસકાંઠા પાલનપુર પીનકોડ નં. ૩૮૫૦૦૧, ફોન નં. ૨૫૭૧૯૭ની કચેરીએથી પી.એમ. રૂમ બિલ્ડીંગ તથા મોડેલ સ્માર્ટ આંગણવાડીના કામ માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પદ્ધતિ દ્વારા ટેન્ડરો મંગાવવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ http://rnbnprocure.com તથા www.statetenders.com ઉપર તા. ૨૫/૧/૨૦૨૧થી જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. આ કામોની વિગત નોટીસ બોર્ડ પર જોવા મળશે. તથા આ કામોની વિગત નોટીસ બોર્ડ પર જોવા મળશે. આ કામની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી રહેશે.

નં.નામાનિ/પાલન/૪૭૫/૨૦૨૦-૨૦૨૧



**પ્રાંતિજ નગરપાલિકા જી. સાબરકાંઠા**

**''ટેન્ડર નોટીસ''**

આથી રસ ધરાવતી એજન્સીઓ / વેપારીઓને જણાવવાનું કે, મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન, સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત પ્રાંતિજ નગરપાલિકાના અલગ-અલગ વિસ્તારોમાં જાહેર દિવાલો ઉપર તથા નગરપાલિકા કચેરીની સૂચના મુજબ શહેરના નાગરિકોમાં સ્વચ્છતા લાવવા માટે તેમજ અન્ય વિષયો પર જનજાગૃતિનો સંદેશો લોકો સુધી પહોંચાડવા માટે વૉલ પેઈન્ટીંગ (પ્લાસ્ટીક પેઈન્ટીંગ) તેમજ ભીંત સૂત્રો જરૂરિયાત મુજબ પેઈન્ટ કરવાના હોઈ આ કામના અનુભવી એજન્સીઓ / વેપારીઓ પાસેથી તમામ સાધન સામગ્રી, મજુરી તથા તમામ ટેક્ષ સહિતના ભીંત ચિત્રોના પ્રતિ ચોરસ ફૂટ પેઈન્ટીંગ કરવાના ભાવ મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ તા. ૨૮/૧/૨૦૨૧ સુધી પ્રાંતિજ નગરપાલિકા કચેરીમાં અરજી સાથે જરૂરી કાગળો રજૂ કરી ટેન્ડર ફી રૂ. ૩૦૦/- ભરપાઈ કર્યેથી સેની. વિભાગમાંથી મળશે. ભરેલ ટેન્ડર સીલબંધ કવરમાં માત્ર આર.પી.એ.ડી.થી નગરપાલિકા કચેરી પ્રાંતિજમાં તા. ૧/૨/૨૦૨૧ના ૧૬.૦૦ કલાક સુધીમાં મળી રહે તે રીતે મોકલી આપવાના રહેશે. ટેન્ડર સાથે રૂ. ૩૦૦૦/-ની એફ.ડી.આર. રાષ્ટ્રીયકૃત બેંકની રજૂ કરવાની રહેશે. આ કામની વધુ વિગતો નગરપાલિકા કચેરીનો સંપર્ક કર્યેથી મળી શકશે. આવેલ ભાવો મંજુર / નામંજુર કરવા તેની સંપૂર્ણ સત્તા પ્રાંતિજ નગરપાલિકાને અબાધિત રહેશે.

જા.નં.પ્રા./સેનીટેશન/વશી ૬૮૨/૨૦૨૧ — તા. ૨૦/૧/૨૦૨૧

| | | |
|---|---|---|
| ઊર્મિલા એમ. સુમેસરા | જગદીશભાઈ એલ. કિમતાની | દિપકભાઈ કડીયા |
| મુખ્ય અધિકારી | ઉપપ્રમુખ | પ્રમુખ |
| પ્રાંતિજ નગરપાલિકા | પ્રાંતિજ નગરપાલિકા | પ્રાંતિજ નગરપાલિકા |



